આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૪૪ | ૩ ઓગષ્ટ, ૨૦૧૩, શનિવાર; અષાઢ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત બી.બી.એ. કોલેજ દ્વારા વિવિધ કાર્યક્રમોની ઉજવણી

ગાંધીનગર, તા.૨

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત બી.પી. કોલેજ ઓફ બી.બી.એ. કોલેજ, ગાંધીનગર દ્વારા આજ રોજ ત્રણ વિવિધ કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી હતી.

કોલેજ અને વનશ્રી નેચર કલબનાં સંયુક્ત ઉપક્રમે ગાંધીનગરના સ્થાપના દિન નિમિત્તે ૧૫૦ વિદ્યાર્થીઓ દ્વારા ૧૦૦૦ વૃક્ષારોપણનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ અને સ્વયંસેવકો દ્વારા એક જ સમયે ગાંધીનગરની ૩૦ જેટલી ખાનગી તેમજ સરકારી શાળાઓમાં કરવામાં આવેલ વૃક્ષારોપણની જવાબદારી કોલેજ તરફથી પ્રો. માર્ગી દેસાઈ તેમજ વનશ્રી નેચર કલબ તરફથી અંજના નિમાવતે સંભાળી હતી.





દ્વિતીય કાર્યક્રમ અંતર્ગત કોલેજનાં ૧૨૦ વિદ્યાર્થીઓ દ્વારા ગાંધીનગર શહેર વસાહત મંડળનાં સંયુક્ત ઉપક્રમે પેથાપુરથી જી.ઈ.બી. થઈને ગાંધીનગર બી.બી.એ. કોલેજ સુધી સ્કુટર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના સ્થાપના દિન નિમિત્તે યોજાયેલ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના પ્રો. મેથ્યુ જહોન તથા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા અરૂણભાઈ બુચે જવાબદારી સંભાળી હતી.

તૃતીય કાર્યક્રમ હેઠળ કોલેજ તેમજ આઈસીએસઆઈ તેમજ એનએસઈ, ભારત સરકારના સંયુક્ત ઉપક્રમે 'રીસન્ટ ચેન્જીસ ઈન ઈન્ડિયન કેપીટલ માર્કેટ' વિષય અંતર્ગત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આઈસીએસઆઈ-સીસીજીઆરટીનાં આસીસ્ટન્ટ એજયુકેશન ઓફિસર શ્રી કેતન ભલગામીયાનાં પ્રયત્નોથી યોજવામાં આવેલ આ કાર્યક્રમમાં શ્રી સ્મીતેશ દેસાઈ, કંપની સેક્રેટરી તેમજ શ્રી મિહીરસિંહ પરમાર, આસિસ્ટન્ટ મેનેજર એનએસઈ મુખ્ય મહેમાન તેમજ મુખ્ય વકતા તરીકે હાજર રહ્યા હતાં. કોલેજનાં ૨૭૪ વિદ્યાર્થીઓએ આ સેમિનારમાં હાજર રહી કેપિટલ માર્કેટ વિષય પર માહિતી પ્રાપ્ત કરી હતી. કોલેજ તરફથી આ કાર્યક્રમને સફળ બનાવવામાં ડૉ. જયેશ તન્ના તેમજ પ્રો. માર્ગી દેસાઈએ જવાબદારી નિભાવી હતી.

આ ત્રણેય કાર્યક્રમોને સફળ બનાવવામાં તેમજ વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકોને માર્ગદર્શન આપવામાં કોલેજનાં પ્રિન્સિપાલ ડૉ. રમાકાન્ત પૃષ્ટિનો સહકાર સાંપડયો હતો.